જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૬/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૨૯૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૨ કેસ કરી ૭૩ વ્યક્તિઓને ઝડપી, ૧૯૫ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૯૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૨૯૨/૧૭

**ઓઢવઃ** અરવિંદભાઇ કપુરચંદ જૈન(રહે. દુર્ગાપાર્ક સોસાયટી અંબિકાનગર ઓઢવ) એ તા.૨૨/૬/૧૭ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૬/૧૭ સાંજના ૭/૦૦ થી તા.૨૨/૬/૧૭ કલાક ૭/૧૫ વાગ્યા દરમ્યાન ઓઢવ અમર જ્યોત સોસાયટી કે.પી.હાઇટ સામે રહેતા અરવિંદભાઇના મોટા ભાઈ રાજેન્દ્રભાઇના મકાનના દરવાજાની લોખંડની જાળીનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪૦,૦૦૦/- આશરે ત્રણસો અમેરીક્ન ડોલર જેની કિમત રૂપિયા ૧૬,૦૦૦/-, આઇફોન મોબાઇલ કિમત રૂપિયા ૫,૦૦૦/-, ડેલ કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૨૯૩/૧૭

**વેજલપુરઃ** મોહસીનભાઇ ગફારભાઇ ડૈરેયા (રહે. આમીર અમઝા રેસીડન્સી સોનલ સિનેમા સામે જુહાપુરા વેજલપુર) એ તા.૨૨/૬/૧૭ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૬/૧૭ સવારના ૪/૪૫ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોનાની બંગડી નંગ-૪, સોનાની ચેઈન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮૮,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી ડી.બી.લાખણોત્રા ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૪/૧૭**

**કૃષ્ણનગરઃ** ભગીરથસિંહ શમનરેષ રાજપુર (રહે. રામેશ્વર બંગ્લોવ્સ સ્વામીનારાયણ મંદિર સામે નવા નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૬/૧૭ કલાક ૨/૧૫ વાગ્યાના સુમારે સરદાર ચોક ચાર રસ્તા નજીક આરોપી (૧) ધર્મેન્દ્રસિંહ અભેસિંહ બારડ (રહે. પાર્શ્વનાથ ટાઉનશીપ નવા નરોડા (૨) પ્રેમ તોમર (૩) ચિન્ટુ અને (૪) બિલ્લા એ ભેગા મળી ભગીરથસિહ રાજપુર સાથે બોલાચાલી ઝગડો કરી ગડદાપાટુનો તેમજ છરા વડે માર મારી ભગીરથસિહની રીવોલ્વર અને સોનાની ચેઈન મળી કિમત રૂપિયા ૧,૨૩,૦૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૧૨૯૫/૧૭**

**શહેરકોટડાઃ** તા.૨૧/૬/૧૭ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે નરોડા રોડ સેલ.વી. પેટ્રોલ પંપની સામેથી અજાણ્યો પુરૂષ મોટર સાયકલ નંબર ૧ ઈડી ૨૩૦૯ ચલાવી પસાર થઈ રહ્યો હતો ત્યારે એ.એમ.ટી.એસ બસ નંબર ૧ સી.એક્સ.૩૨૪૬ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા મોટર સાયકલ ચાલકને ગંભીર ઈજાઓ થતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે બસના ચાલક વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઇ શ્રી આર.એસ.ડામોર ચલાવે છે.

**વેજલપુરઃ** તેજસિંહ પોકારસિંહ રાજપુત (રહે.ગામ-શેખપુર પોસ્ટ- સુદેવાડા તા-દહેગામ જી-નાગોર રાજસ્થાન) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રાજ ટ્રાવેલ્સ લકઝરી બસ નંબર આર.જે.૧૬.પી.એ.૩૨૫૯ ના ચાલક પ્રાગજીભાઇ બાબરાજી પ્રજાપતી (રહે.ગામ-માધોપુરા તા-આટોર જી-જાલોર રાજસ્થાન) એ બસ પુરઝડપે અને બેદરકારીથી રિવર્સ લેતા બસની પાછળ સુતેલા બાબુસિંહ ઉપર બસનુ ટાયર ફરી વળતા બાબુસિહને ગંભીર ઈજાઓ થતા મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઇ શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૬/૧૭**

**રીવરફ્ન્ટ ઇસ્ટઃ** જયદિપસિંહ વજરાજસિંહ રાજપુત (ઉ.વ.૨૭) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ કલાપી નગર અસારવા) એ અગમ્ય કારણસર તા.૨૨/૬/૧૭ કલાક ૮/૫૦ વાગ્યા પહેલા દુધેશ્વર બ્રીજ નીચે નદીમાં પડતુ મુકીઆત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્ન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ. શ્રી બળવંતભાઇ કરશનભાઇ ચલાવે છે.

**નિકોલઃ** હર્ષદ સ/ઓ ભુપતભાઇ પ્રજાપતી (ઉ.વ.૧૮) (રહે. પાર્વતીનગર સોસાયટી કિર્તી ડેરી પાસે લીલાનગર) એ અગમ્ય કારણસર તા.૨૧/૬/૧૭ સાંજના ૭/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતીઆ અંગે નિકોલ  પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી રામસિંહ ચેહરસિંહ ચલાવે છે.

**વટવાઃ** ગુલઅફશાબાનું ડો/ઓ અબ્દુલ કયુંમ ઘાંચી(ઉ.વ.૧૭) (રહે. સિલિકોન-૧૦૧ બીબી તળાવ ચાર રસ્તા પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૨૨/૬/૧૭ કલાક ૬/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાંચમા માળેથી પડતુ મુકતાં, માથાના ભાગે ગંભીર ઇજાઓ થતાં, સારવાર માટે તેમને એલ.જી. હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ ગુલાફશાબાનુને મૃતજાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.